ગાંધીનગર સમાચાર

અઠવાડિયામાં ૭૫૦ વાહનચાલકોના ઘરે ટ્રાફીક દંડના મેમો પહોંચ્યા

# શહેરમાં નવા બમ્પ બનાવી દેતાં અકસ્માતોની વણઝાર

## સફેદ પટ્ટા પણ ન કરાતાં વાહનચાલકો અજાણતા જ પટકાઈ રહ્યા છે, તંત્રની કામગીરી પ્રત્યે આક્રોશ

ગાંધીનગર, તા.૨૭

ભારે વરસાદથી નગરના માર્ગો ધોવાઈ જતાં વાહનચાલકો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. જે અંગે દિવાળી પછી તંત્રએ આ માર્ગોનું પેવરકામ હાથ ધર્યું છે. આ પેવર થયેલા માર્ગો ઉપર તંત્રએ નવા સ્થળોએ બમ્પનું નિર્માણ કરી દીધું છે જે અંગેની હાલમાં કોઈ જ નિશાની તંત્ર એ મુકી નથી. જેથી વાહન ચાલકો બમ્પની જાણકારી ન હોવાથી અજાણતા જ પટકાઈ રહ્યા છે. દૈનિક અસંખ્ય વાહનો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. જેતી સત્વરે આવા બમ્પ ઉપર સફેદ પટ્ટા દોરવામાં આવે અથવા બમ્પ દુર કરવામાં આવે તેવી માંગ ઉઠી છે.

નગરમાં દર વર્ષે માર્ગોનું પેવરકામ થતું રહે તેવા માર્ગોની દુરસ્તી કામ થાય છે. ચોમાસા દરમિયાન વરસાદથી ધોવાઈ ગયેલા માર્ગોનું દુરસ્તી કામ હાથ ધરવામાં આવ્યું છે. જેમાં માર્ગ નં. ૬નું પ્રથમ પેવરકામ હાથ ધરાયું હતું. આ માર્ગ ઉપર તંત્રએ નવા સ્થળોએ બમ્પનું નિર્માણ કરી દઈ વાહનચાલકોને મોતના મુખમાં ધકેલી દીધા છે. પેવર દરમિયાન બનાવાયેલા આ નવા સ્થળના બમ્પ વાહનચાલકોને ખબર ન હોવાથી વાહનની ગતિમાં જ બમ્પ કુદી જવાથી પટકાઈ જાય છે તો બીજી તરફ અચાનક બમ્પ આવ્યો હોવાની જાણ થતા વાહનને બ્રેક કરતાં જ પાછળનું વાહન અથડાઈ જાય છે આમ દૈનિક અનેક વાહનો આ રીતે અકસ્માતોનો ભોગ બને છે.



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

પેવર થયાને એકાદ માસ વિતી ગયો હોવા છતાં માર્ગો ઉપર વાહન ચાલકોની સાવધાની અર્થે કરવાની થતી નિશાનીઓ હજુ સુધી તંત્રએ કરી નથી. જેમાં સૌથી વધુ અગત્યની બમ્પ હોવાની નિશાની છે તે પણ તંત્રએ સત્વરે ન કરી વાહન ચાલકોને રામભરોસે છોડી દીધા છે. રાજયના પાટનગરનો વિકાસ કુદકે ને ભુસકે આગળ ધપી રહ્યો છે અને તે કારણે વસ્તી અને વાહનોની સંખ્યામાં ખુબ જ મોટો વધારો થયો છે. જેથી આ પ્રકારની તંત્રની ગંભીર બેદરકારી ગાંધીનગરને પોષાય નહીં તેવું વાહનચાલકો આક્રોશપુર્વક જણાવી રહ્યા છે. ટ્રાફીકથી ભરપુર એવા તમામ માર્ગો ઉપર વાહન ચાલકોની સલામતિ માટે સાવધાની દર્શાવતા બોર્ડ મુકાયા છે ત્યારે નવીન પેવર થતા માર્ગો ઉપર બમ્પ જેવી ખતરનાક હિલચાલને નજર અંદાજ કરી શકાય નહીં જેથી સત્વરે સફેદ પટ્ટા દોરવામાં આવે અથવા બમ્પ દુર કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

### @ગાંધીનગર

● સોમવારથી બુધવાર સુધી વહેલી પરોઢે નગરના આકાશમાં પાંચ ગ્રહોની યુતિનો અદભૂત નજારો જોવા મળશે.

- નજાહખાનમ સૈયદ

## સ્વામીનારાયણ ધામ સ્કુલમાં પેરેન્ટસ ક્રિકેટ ટુર્નામેન્ટ યોજાઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર નજીક આવેલી સ્વામીનારાયણ ઈન્ટરનેશનલ સ્કૂલમાં પેરેન્ટસ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪ ટીમોએ ભાગ લીધો હતો.

આ પેરેન્ટસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં બાળકોના પેરેન્ટસની બનેલી ૪ ટીમો વચ્ચે અલગ અલગ રાઉન્ડમાં મેચ યોજાઈ હતી. તમામ મેચના અંતે ધર્મેન્દ્ર લુલ્લાબીઝ ટીમનો ફાઈનલ મેચમાં વિજય થયો હતો.

આ ટુર્નામેન્ટમાં અલ્પેશ



ગોહીલે ૧૨ ઓવરમાં સદી ફટકારી હતી જયારે હાર્દિક ક્ષત્રિય એ ૫ ઓવરમાં ૩ વિકેટ ઝડપી લીધી હતી. મેચના અંતે ખેલાડી રાજેશ ત્રિવેદીને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યા હતા. શાળાકીય પેરેન્ટસ ક્રિકેટ મેચમાં વિજેતા ટીમના તમામ ખેલાડીને શાળાના ટ્રસ્ટી શૈલેષભાઈ ઠક્કરે અભિનંદન પાઠવ્યા હતા.

# ડીજે નાઈટમાં પીધેલા નબીરા ઘુસી ન જાય તેનું પોલીસ ધ્યાન રાખશે

ગાંધીનગર, તા.૨૭

થર્ટી ફર્સ્ટ ડીસેમ્બરમાં ડીજે નાઈટ પાર્ટીઓ ગાંધીનગરમાં ઠેર ઠેર થવાની છે. ત્યારે કોઈ સ્થળે છેડતી કે અન્ય અનિચ્છનીય બનાવ બને નહીં તે હેતુસર પોલીસ ખાસ સક્રીય રહેશે. પાર્ટી પ્લોટોની બહાર એન્ટ્રી ગેટ પર તથા શહેરના મુખ્ય પ્રવેશદ્વારો પર રાત્રી દરમિયાન પોલીસ બ્રીથ એનેલાઈઝર સાથે

**પાર્ટી પ્લોટના એન્ટ્રી પોઈન્ટ પર પોલીસ બ્રીથ એનેલાઈઝર સાથે ઉભી રહેશે**

ઉભી રહેશે અને દારૂ પીને છાકટા બનીને ફરતા નબીરાઓને પકડી પકડીને જેલના સળીયા પાછળ ધકેલી દેવામાં આવશે.

થર્ટી ફર્સ્ટ ડીજે નાઈટના કાર્યક્રમોમાં ખાસ કરીને યુવક યુવતીઓ મોડી રાત સુધી ડીજેના તાલે ઝુમતા હોય છે. આ ડીજે નાઈટ દરમિયાન અંધારાનો અને ભીડભાડનો લાભ લઈને કેટલાક અસામાજીક તત્વો યુવતીઓની છેડતી પણ કરી લેતા હોય છે. આ પ્રકારની કોઈ અનિચ્છનીય ઘટના થર્ટી ફર્સ્ટ દરમિયાન ન બને તે માટે ગાંધીનગર પોલીસ ખાનગી ડ્રેસમાં વોચ રાખીને બેસશે. તે ઉપરાંત મહિલા પોલીસ કોન્સ્ટેબલોને ખાનગી ડ્રેસમાં ઉતારીને આવા તત્વોને પકડવામાં આવશે. ખાસ કરીને દારૂના નશામાં ચુર થયા બાદ આ પ્રકારની હરકતો યુવાનો કરતાં હોવાથી પીધેલા કોઈ શખ્સો પાર્ટી પ્લોટમાં ઘુસી ન જાય તે માટે બ્રીથ એનેલાઈઝરનો ઉપયોગ કરવામાં આવશે અને કોઈ પીધેલો પકડાશે તો તેની સામે કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

### વાતવાતમાં

● ઘ રોડ પરથી સે-૨૨માં પ્રવેશવાના માર્ગે સેકટરની માહિતી આપતું દિશાસૂચક બોર્ડ ખોટું છે. આ બોર્ડ વર્ષોથી લગાડાયેલું છે પરંતુ હજુ સુધી તંત્રનું ધ્યાન કેમ નહીં ગયું હોય?

● આ રવિવારના દિવસે પણ ગાંધીનગર વિવિધ સ્નેહમિલન સમારંભોથી ગુંજતું રહ્યું હતું. એમાં પણ નવા ગાંધીનગર વિસ્તારમાં કેટલીક રીઅલ એસ્ટેટ સ્કીમોનું ઉદઘાટન પણ યોજાતા સર્વત્ર ઉજવણીનો માહોલ વર્તાયો હતો.

● ગાંધીનગરમાં દબાણ તંત્રની ઘોંસ વધતા શહેરના વિવિધ કલાસિસના સંચાલકોએ કાયદેસરના શોપીંગ સેન્ટરોમાં જગ્યાઓ ભાડે રાખી લેવા દોડધામ આદરી છે. ખરેખર જો દબાણ તંત્ર બધુ ગેરકાયદેસર બાંધકામ તોડી પાડશે તો 'કાયદેસર'ના ભાડા વધી જશે તે બીકે આગોતરી વ્યવસ્થા કરી લેવી સંચાલકોને મુનાસીબ લાગી રહી છે.

● રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ અંગે પણ તંત્ર એ લાલ આંખ કરતા ઘરમાં મહિલાઓ દ્વારા ચલાવાતા ગૃહ ઉદ્યોગો જેવા કે પાપડ-ખાખરા, બ્યુટી પાર્લર, નાસ્તા, ટયુશન કલાસીસ વગેરેના મહિલા સંચાલકો દ્વિધામાં મુકાયા છે. શું મહિલા સશકિતકરણની વાતો કરતી સરકાર તેમને પણ ઘરમાં પોતાનો વ્યવસાય નહીં કરવા દે? તેવા સવાલો તેમના મનમાં ઉદભવી રહ્યાં છે.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# અઠવાડિયામાં ૭૫૦ વાહન ચાલકોના ઘરે ટ્રાફીક દંડના મેમો પહોંચ્યા

ગાંધીનગર, તા.૨૭

શહેરના વિવિધ છ સર્કલો પર લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરા મારફતે ટ્રાફિકના નિયમોનું ઉલ્લંઘન કરતાં વાહનચાલકોને ઓનલાઈન પરચી ફાડવાની કાર્યવાહી એક સપ્તાહથી શરૂ કરવામાં આવી છે ત્યારે દરરોજ ૧૦૦થી વધુ વાહનચાલકો હેલ્મેટ, સીટબેલ્ટ, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરવી તથા ત્રણ સવારી ટુ વ્હીલર ચલાવવું સહિતના ટ્રાફિક નિયમોના ઉલ્લંઘન કરતાં પકડાયા છે. અઠવાડીયામાં ૭૫૦ વાહનચાલકોના ઘરે ટ્રાફીક ઉલ્લંઘન બદલ દંડના મેમો પહોંચાડવામાં આવ્યા છે.

**ટ્રાફીકનાં નિયમોનું ઉલ્લંઘન કરતાં દરરોજ ૧૦૦થી વધુ વાહનચાલકો કેમેરામાં કેદ થાય છે**

ટ્રાફીકના નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સાથે ગાંધીનગર શહેરમાં ફરજ બજાવતા ટ્રાફીક પોલીસે સતત સંઘર્ષમાં ઉતરવું પડયું હતું. કેમ કે નિયમ તોડયા પછી પકડાયેલા વાહનચાલક ટ્રાફીક પોલીસને દબડાવી નાંખતા અને વગ બતાવીને દંડ ભર્યા વગર જ સરકી જતા હતાં. હવે ગાંધીનગરના મુખ્ય છ પ્રવેશદ્વાર સમા સર્કલો પર ૧૮ સીસીટીવી કેમેરા લગાડી તેનું મોનીટરીંગ કરીને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકોને તેના ઘરે જ દંડનો મેમો પહોંચી જાય અને તે પણ ફોટો સાથે તે પ્રોજેકટ અમલી કરવામાં આવ્યો છે. આ પ્રોજેકટની અમલવારીથી આજ દીન સુધી એક સપ્તાહમાં ૭૫૦ જેટલા વાહનચાલકોને દંડ ફટકારવામાં આવ્યા છે અને તેના ઘરે દંડની પાવતી પહોંચતી કરવામાં આવી છે. દરરોજ આ સીસીટીવી કેમેરામાં ૧૦૦થી વધુ વાહનચાલકો ટ્રાફીકના નિયમો તોડતા કેમેરામાં કેદ થાય છે.

# તલોદ સ્નેહ ગૃપનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરના કુડાસણ ખાતે તા. ૨૫મી ડિસેમ્બરે તલોદ સ્નેહ ગૃપનો પાંચમો સ્નેહમિલન સમારંભ યોજાયો હતો. કુડાસણની કંસાર હોટેલ ખાતે યોજાયેલ આ સ્નેહમિલન સમારંભમાં સભ્યના પરિવારજનોએ વિવિધ રમતો, હાસ્ય દરબાર તથા અન્ય કાર્યક્રમોનો ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો. બાળકોમાં મૈત્રી તથા પારિવારીક ભાવના ખીલે તે માટ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્નેહમિલન સમારંભનો પ્રારંભ સવારે ૯.૩૦ કલાકે કરાયો હતો. સ્વાગત સમારોહમાં પ્રાર્થના બાદ પાંચ વર્ષ પુરા થયાની ઉજવણી કેક કાપીને કરવામાં આવી હતી. લંચ પહેલાના સેશનમાં સભ્યોએ આઉટડોર ગેમ્સ જેવી કે કબડ્ડી, સંગીત ખુરશી, બાળકો માટે લીંબુ ચમચી વગેરેનો આનંદ ઉઠાવ્યો હતો. બપોરના લંચ પછીના સેશનમાં ગાંધીનગરના જાણીતા હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાનો હાસ્ય દરબાર યોજાયો હતો. જેમાં હરપાલસિંહે વિવિધ રમૂજી ટુચકા તથા પ્રસંગો તેમની આગવી શૈલીમાં વર્ણવી તમામ સભ્યોને ખડખડાટ હસાવ્યા હતા.

હાસ્ય દરબાર પછી ઈન્ડોર ગેમ્સ રમાડવામાં આવી હતી. જેમાં ક્ષણે ક્ષણે રોમાંચ ઉભી કરતી રમત છે તેનો સભ્યએ ભરપૂર આનંદ ઉઠાવ્યો હતો. કાર્યક્રમમાં કુ. દિપલ ત્રિવેદીએ 'મન મોર બની થનગાટ



'બદલતી કિસ્મત' જે અંતમાં 'ઘરકી સફાઈ'માં પરિવર્તિત થાય કરે' ગીત પર અદભૂત ડાન્સ રજુ કરી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

કાર્યક્રમમાં તમામ સભ્યોએ ગૃપ ડાન્સ, કપલ ડાન્સ તથા ગરબાની ભરપૂર મોજ માણી હતી. અંતમાં તમામ સભ્યોએ સ્વચ્છતા જાળવવાના શપથ લઈ રાષ્ટ્રગીતનું માનભેર ગાન કર્યું હતું. કાર્યક્રમની સફળતા માટે સુનિલ શાહ, ભરત દવે, મેહુલ સોની, મુકેશ પટેલ, સંજય શાહ, ચંદુભાઈ પટેલ, પ્રકાશ ત્રિવેદી, કિરીટ પટેલ, દિપક પટેલ, મહેશ વાઘેલા વગેરેએ જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સમીર રામીએ કર્યું હતું. કાર્યક્રમના અંતે તમામ બાળકોને શુભેચ્છા રૂપે સ્મૃતિભેટ આપવામાં આવી હતી.

# ચિલોડા યુ.જી.વી.સી.એલ. સ્ટાફ કવાર્ટરમાં ગટરો ઉભરાતા અસહ્ય ગંદકી

ગાંધીનગર, તા.૨૭

ચિલોડા સ્થિત યુ.જી.વી.સી.એલ.ના સ્ટાફ કોલોનીમાં છેલ્લા ઘણા સમયથી મકાનોમાં ગટરો ચોકઅપ થઈ જતા ગંદકી અને દુર્ગંધથી રહીશો ભારે ત્રાહીમામ પોકારી ઉઠયા છે અને આ ગંદા પાણીને લીધે રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે. ગાંધીનગર નજીક ચિલોડા સ્થિત યુ.જી.વી.સી.એલ. ની કચેરી આવેલી છે જયાં નોકરી કરતા કર્મચારીઓને રહેવા માટે સ્ટાફ કર્વાટર બનાવવામાં આવ્યા છે. આ સ્ટાફ કર્વાટરમાં છેલ્લા ઘણા સમયથી વારંવાર ગંદા પાણીના નિકાલ માટેની ગટરો ચોક અપ થઈ જાય છે. પરિણામે રહેણાંક વિસ્તારમાં તેમજ રહીશોના ઘરોમાં બાથરૂમ સંડાસ અને ચોકડીમાં ગંદુ પાણી ઉભરાઈ રહ્યું છે.



સ્ટાફ કર્વાટરમાં ચારે બાજુ ગંદુ અન દુર્ગંધવાળુ પાણી ભરાતા રહીશોએ ચાલવા નીકળવું મુશ્કેલ બન્યું છે. બીજી તરફ આ ગંદા ગટરના પાણીને લીધે મચ્છરો અને જીવજંતુનો પણ ઉપદ્રવ વધતા રોગચાળાનો પણ ભય ફેલાઈ રહ્યો છે. આમ રહીશોએ આ મુસીબત બનેલી ઉભરાતી ગટરો મામલે વારંવાર લેખિત અને મૌખિક રજુઆત કરવા છતા આજ દિન સુધી કોઈ પગલા લેવામાં આવ્યા નથી. જેથી રહીશોમાં રોષ જોવા મળ્યો છે અને તુરંત ઉભરાતી ગટરોનો નિકાલ લાવવા માંગ કરી છે.

# એક આધેડને થયો પ્રેમ અને સંતાનો થયા નિરાધાર

## મા વિહોણા પાંચ-પાંચ સંતાનોના પિતાએ અન્ય મહિલા સાથે પ્રેમ થતા ત્યજેલા પરિવારની દુ:ખ ભરી દાસ્તાન : ગ્રામજનો અને સમાજના સહારે જીવનસાગરમાં હિંમતના હલેસાં હાંકતા સંતાનો પુછે છે અમારો શો વાંક?




ગાંધીનગર, તા.૨૭

એક વાર દાંપત્ય જીવન અંગે બોલતા ઓશોએ કહ્યું હતું કે 'તમામ બાળકો સમાજની જવાબદારી હોવી જોઈએ.' ગાંધીનગરના પાદરે નદી કિનારે વસેલા એક ગામમાં મા-બાપનો સથવારો છુટી જતા નિરાધાર બનેલા પાંચ પાંચ સંતાનોની ગ્રામજનોએ જવાબદારી ઉઠાવી લીધી છે. જો કે જેમની આંખો સામે લાંબી જીંદગી હજુ મ્હોં ફાડીને ઉભી છે તેવો આ પરિવાર સમાજના સહારે 'લડી' લેવા હૈયામાં હામ ભરીને તૈયાર છે.

આમ તો એવું કહેવાય છે કે છોરું કછોરું ભલે બને પણ, માવતર કયારેય કમાવતર ના બને. પરંતુ આ કિસ્સામાં પાંચ પાંચ મા વિહોણા સંતાનોના પિતાને અન્ય મહિલા સાથે 'પ્રેમ' થઈ જતા પોતાના જ બાળકોના ભવિષ્યનો વિચાર કર્યા વગર તેમને ત્યજી દીધા છે. આધેડ વયના આ પુરુષને પોતાના લોહીના સંતાનો સાથે 'પ્રેમ' પેલી મહિલાના પ્રેમે એવો ભુલાવી દીધો કે પાંચે પાંચ સંતાનોને રામભરોસે છોડી જતા તેને સ્હેજ પણ હિચકિચાહટ ના થઈ. પ્રેમમાં ભાન ભૂલેલા પિતાએ ત્યજેલા બાળકો માથે જાણે આભ તુટી પડયું. ગાંધીનગરમાં રહેતા આ બાળકોની અવદશા જોઈ તેમના મકાન માલિકે બે મહીના સુધી તો ભાડું પણ ના લીધું પરંતુ અંતે તેની પણ આર્થિક મજબૂરી આગળ તે લાચાર હતો. સત્તર વર્ષના પહેલા સંતાને પોતાના ભાંડુઓની જવાબદારી ઉઠાવવા કમર કસી લીધી અને શહેરનું મોંઘુ ઘર છોડી તેઓ નજીકના ગામમાં સસ્તા ભાડે રહેવા ગયા. સસ્તુ તો સસ્તુ પણ ભાડુ લાવવું કયાંથી? કારણકે હજુ તમામ સંતાનો તો અભ્યાસ કરતા હતા. દર મહિને કોઈકની મદદ અને સગા સંબંધીઓ પાસેથી જેમ તેમ આઘુપાછુ કરી ભાડું ચુકવતા પરિસ્થિતિ એવી સર્જાઈ કે દર ત્રણ ચાર મહિને મકાન બદલવું પડવા લાગ્યું. અત્યાર લગી તો ગ્રામજનો એવું જ સમજતા હતા કે આ સંતાનોના પિતા બહારગામ છે એટલે તેમની દયામણી સ્થિતિનો કોઈને અંદાજ નહોતો.

ધીમે ધીમે પરિસ્થિતિ વિકટ બનવા લાગી, ઘરમાં ખાવાનું બનાવવાનું તો ઠીક પણ દૂધના પણ સાંસા પડવા લાગ્યા. મોટો ભાઈ જો કોઈક વ્યવસ્થા ગોઠવે તો બધા ભાંડુઓના પેટને કંઈક નસીબ થાય. નહીં તો સૌ ભૂખ્યાં જ શાળાએ જાય. એક વાર ગામમાં સરકારી આરોગ્યતંત્રની તપાસણી અંગે કાર્યક્રમ હાથ ધરાયો. આ કાર્યક્રમમાં સરકારી મહિલા આરોગ્ય અધિકારીના ધ્યાનેથી આ સંતાનોની હાલત છુપી રહી નહી અને તેમણે આ પરિવાર પાસેથી તેની દુ:ખ ભરી કહાની સાંભળી તો તેમનું હૃદય દ્રવી ઉઠયું તેમણે આ પરિવાર માટે એક સપ્તાહના દૂધની વ્યવસ્થા ગોઠવી આપી. આ દરમિયાન ગામની સહકારી દૂધ મંડળીના સંચાલકોના ધ્યાનમાં આ સંતાનોની સાચી પરિસ્થિતિ આવી એટલે તેમણે તુરંત જ મહિલા અધિકારીને વિશ્વાસ અપાવ્યો કે 'બહેન હવે આ બાળકોના દરરોજના બે સમયના દુધની ચિંતા અમારી. તેમના ઘરે બે ટાઈમ દૂધ રોજે રોજ પહોંચી જશે તે બાબતે તમે નિશ્ચિંત રહેજો.' બસ પછી તો વાત ધીમે ધીમે ગામના શ્રેષ્ઠીઓ સુધી પહોંચી એટલે કોઈએ એક મહિનાના સીધુ સામાનની જવાબદારી ઉઠાવી તો કોઈએ તેમને કપડાની વ્યવસ્થા કરી આપી. પેલા મહિલા અધિકારીએ ગાંધીનગરમાં પોતાના સ્વજનોને દાસ્તાન સુણાવી તો તેમના સ્નેહીજનોમાંથી પણ કોઈએ બાળકો માટે નોટબુક ચોપડા વગેરેની વ્યવસ્થા કરી તો કોઈએ બાળકો સ્કૂલે જઈ શકે તે માટે સાયકલ લાવી આપી.

ધીમે ધીમે સમય વીતવા લાગ્યો છે, હજુ પેલા આધેડ નફફટ બાપને પોતાના સંતાનોની અવદશા દેખાતી નથી. હાલ મોટો દિકરો કોલેજમાં ભણી રહ્યો છે જયાં સંચાલક મંડળના ધ્યાને પણ તેની આર્થિક પરિસ્થિતિ આવતા તેની તમામ ફી માફ કરી દેવાઈ છે તથા તેને રહેવા માટે હોસ્ટેલની વ્યવસ્થા પણ કરી આપી. જો કે સતત પોતાના ભાંડુઓના વિચારથી ચિંતિત હોવાથી તેને હોસ્ટેલ પણ માફક ના આવી. હાલ સમાજના સહારે જીંદગીના મધદરિયે હિંમતના હલેસા મારતો આ પરિવાર ભવિષ્યના ગર્ભમા શું છુપાયેલું છે તેનાથી ખૂબ જ ચિંતિત છે. જયારે પોતાના કહેવાતા પ્રેમ ખાતર વ્હાલસોયા બાળકોને આમ રઝળતા કરનાર 'બાપ'ને તેમની જરા પણ દરકાર નથી. પ્રેમના સંબંધ સજાવવા નીકળેલા પિતાએ માવતરનો સંબંધ લજવ્યો છે.

'કોઈને જો આપવો હોય છાંયડો,
આપણે તડકે ઉભા રહેવું પડે,
મીણબત્તી અને જીવનમાં સામ્ય શું?
જાત છો સળગે, ઉભા રહેવું પડે,
દૂર એકલતાને કરવા આપણે,
આપણી ફરતે ઉભા રહેવું પડે.'
(કવિ ભાવિન ગોપાણીની ગઝલની કેટલીક પંકિતઓ-સાભાર)

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com







શ્રી સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત અમદાવાદ શહેર પશ્ચિમ વિભાગ તરફથી સંસ્કાર કેન્દ્ર પાલડી ખાતે યુવક યુવતી પરિચય સંમેલન યોજાયું હતું. જેમાં પૂ.ચૈતન્ય મહારાજ ભાગવત વિદ્યાપીઠના ઋષિકુમારે આર્શીવચન પાઠવ્યા હતા. સમારંભના અતિથિવિશેષ તરીકે કમલેશ ત્રિપાઠી, રાકેશ વ્યાસ, સમીરભાઈ દવે, મનુભાઈ જાની વગેરેએ ઉપસ્થિત રહી પ્રોત્સાહન પુરું પાડયું હતું. અમદાવાદ શહેર પશ્ચિમના પ્રમુખ અમીત દવે તથા યુવા પ્રમુખ સુમીત્રા જાનીની ટીમે જહેમત ઉઠાવેલ. ગુજરાત બ્રહ્મસમાજના મંત્રી અશ્વિન ત્રિવેદી તથા અગ્રણી મનોજ જોષીએ ઉપસ્થિત રહી સ્વાગત પ્રવચન કર્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. કાન્તાબેન બાબુલાલ મોદી, ઉ.વ.૮૩
- સ્વ. પરબતજી સોમાજી વાઘેલા, ઉ.વ.૫૫
- સ્વ. તેજીબેન ઈશ્વરભાઈ શ્રીમાળી, ઉ.વ.૭૫
- સ્વ. પ્રવિણભાઈ પરસોત્તમભાઈ પરમાર, ઉ.વ.૪૫